ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૫-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

# વડાપ્રધાનની ગુરૂભક્તિ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશિષ્ટ વ્યક્તિત્વનું એક પ્રશંસનીય પાસું એમની આધ્યાત્મિકતા છે. વતનના ગામ વડનગરની ધરતી અને માતા હિરાબા પાસેથી વારસામાં મળેલી આ સનાનત જણસ અને એમણે જીવની જેમ જાળવી છે. આટલા ઊંચા પદ પર પહોંચ્યા પછી, આટલા પડકારો અને વ્યસ્તતા વચ્ચે પણ એ બેલૂર મઠના બીમાર સ્વામીની ખબર કાઢવા સમય ફાળવે તે જ શું સૂચક નથી? વર્ષો પૂર્વે, ઘર છોડીને નીકળી પડેલા તરુણ વયના નરેન્દ્ર દામોદરદાસ મોદી સ્વામીજીને રાજકોટમાં મળ્યા હતા. વિવેકાનંદના જીવન અને કવનની અસર હેઠળ નરેન્દ્ર મોદી સંન્યાસી થવાના વિચાર છોડી દઇ દેશસેવાના કાર્યમાં ખૂંપી જવાની પ્રેરણા આપી હતી. શરુથી જ વિવેકાનંદને આદર્શ ગણીને ચાલનારા નરેન્દ્ર મોદીના જીવનમાં આ અત્યંત મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયો. એમણે સ્વામીજીને ગુરુ ગણીને એમનો આદેશ શિરોધાર્ય કર્યો હતો. આધ્યાત્મિક હસ્તીઓ સાથે રાજકારણીઓના સંબંધો એ કોઇ નવી બાબત નથી. સત્ય સાંઇબાબાથી લઇ શ્રી શ્રી રવિશંકર અને આસારામ બાપુ સાથે અનેક રાજકારણીઓ સંકળાયેલા રહ્યા છે. ખુદ નરેન્દ્ર મોદી આ તમામ સાથે અગંત સંબંધે બંધાયેલા હોવાનું કહેવાય છે. હરિદ્વારના 'ભારતમાતા મંદિર'ના સંસ્થાપક ભાનપુરા પીઠના પૂર્વ શંકરાચાર્ય સ્વામી સત્યમિત્રાનંદન અને 'આર્ટ ઓફ લિવિંગ'ના પ્રણેતા શ્રી શ્રી રવિશંકર, સ્વામી સચ્ચિદાનંદ જેવા ક્રાંતિકારી સંતથી લઇ બાબા રામદેવ જેવા યોગાચાર્ય સુધી એ વિસ્તરેલા છે. સ્વામી સચ્ચિદાનંદે ચાણક્યની રાજનીતિ વિશેનો ગ્રંથ મોદીને બહુ જ ઉમળકાપૂર્વક અર્પણ કર્યો છે. એમાં એમણે મોદીને ગુજરાતના ચાણક્ય અને ચંદ્રગુપ્તનો ડબલરોલ ભજવતાં આદર્શ નેતા ગણાવ્યા છે. નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદની પ્રતિમા સાથે આખા ગુજરાતમાં વિવેકાનંદયાત્રા યોજી હતી, એમને યુવાશક્તિના રોલમોડલ ગણાવી દેશના યુવાવર્ગને ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મચ્યા રહો - જેવી હાકલ કરી હતી. મોદી બાબા રામદેવના યોગને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અપાવી છે. યુનો જેવી સંસ્થાએ 'યોગ દિવસ' ઊજવવાનું સ્વીકાર્યું છે, તે મોદીના પ્રયાસોને આભારી છે. મોદીને વડાપ્રધાનપદે બિરાજમાન કરવા માટે અનેક સાધુ સંતોએ એમના ગજા મુજબ પુરુષાર્થ કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદના નેજા હેઠળ કે પ્રયાગ ખાતે સંપન્ન થયેલ કુંભમેળામાં મોદીના રાજતિકલની પૂર્વતૈયારીઓ થઇ ગઇ હતી. આ દેશ સાધુ સંતોનો આદર કરે છે. મોદીના રાજ્યારોહણમાં આવા સંતો-મહંતો અને સ્વામીઓના ભરપેટ આશીર્વાદનો ફાળો નાનોસૂનો નથી. તેથી મોદી સંકટ સમયે પણ આવી આધ્યાત્મિક વિભૂતિઓનો જ આશ્રય લેતા હોય તો એમાં કશું જ ખોટું નથી. ઇંદિરા ગાંધી પણ ધર્માચાર્યોને શરણે જતાં રહેતાં મા આનંદમયી કે સંત વિનોભા ભાવે એમને માટે સંકટ સમયની સાંકળ જેવા હતા. આપણી સંસ્કૃતિમાં ધર્માસનને રાજ્યાસન કરતાં મૂઠી ઊંચેરું માનવામાં આવે છે, તે ન જ ભૂલવું જોઇએ. નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીપદે ચોથી વાર આરૂઢ થયા ત્યારે પણ એ બેલૂર મઠના સ્વામીને પગે લાગવા પહોંચી ગયા હતા. હાલ સ્વામી મરણપથારીએ પડેલા છે, ત્યારે એમનાં દર્શન કરવા દેશના વડાપ્રધાને જે સમય ફાળવ્યો, તેની સમગ્ર હિંદુ સનાતન સમાજ નોંધ લેશે.



ઉનાળા વેકેશનના સમયનો સદ્પયોગ થાય અને બહેનોની અંદર રહેલી કલા પ્રત્યેની લાગણી પ્રગટ થાય તે હેતુસર પોર ગ્રામ પંચાયત ખાતે પ્રયોશા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહેંદી હરિફાઈ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાગરિક બેંક ડિરેક્ટર મનુભાઈ પટેલ, પ્રયોશાના લક્ષ્મીબેન જોષી, વિષ્ણુભાઈ જોષી, એડવોકેટ ભાસ્કર પંડ્યા, ફાલ્ગુનીબેન પટેલ, ભૂમિબેન, દેનાબેંકના સ્વાતિબહેન,સરપંચશ્રી બાબુભાઈ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## સે-૨માં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત ગાંધીનગરના સે-૨ ખાતે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર ખાત સર્વ રોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરના નામાંકિત તબીબોની ટીમે ૨૦૨ દર્દીઓને નિદાન સાથે જરૂરી હોય ત્યાં સેવાઓ આપી હતી. આ ટીમમાં ડૉ. તોરલ મહેતા, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. નીશાબેન ગોસ્વામી, ડૉ. કૌશલબેન ઈસરાની, ડૉ. નિતિષ શાહ, ડૉ. વિપુલ ચૌહાણ તેમજ સિવીલ હોસ્પિટલના યુનિટમાં ડૉ. મનિષખાન, ડૉ. કૃણાલ પટેલ અને ડૉ. સરૈયાનો સમાવેશ થાય છે. આ કેમ્પમાં ડાયાબીટીશ, બીપી, હૃદય સંબંધી રોગો, સાંધાના દુઃખાવા જેવા ઘણા બધા રોગો અંગે નિદાન કરાયું હતું અને જે દર્દીને સારવારની જરુર લાગી હોય તે મુજબ સારવાર અથવા સલાહ આપવામાં આવી હતી. કેમ્પની નાયબ મ્યુનિસિપલ કમિશનર બારૈયાએ મુલાકાત લઈ સમગ્ર પ્રયાસને બિરદાવ્યો હતો.

### આઈઆઈએમ-અમદાવાદમાં ઉત્સાહ ઘટ્યો

# PGPX અરજીની સંખ્યામાં નોંધાયેલો ઉલ્લેખનીય ઘટાડો

અમદાવાદ,તા. ૧૦

પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ ફોર એક્ઝીક્યુટીવ માટે અરજીઓની સંખ્યામાં આઈઆઈએમ-અમદાવાદમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થઈ રહ્યો છે. નિરાશાજનક આંકડા દર્શાવે છે કે, આને લઈને વિદ્યાર્થીઓનો ઉત્સાહ સતત ઘટી રહ્યો છે. ખુબ ઓછા મિડકેરિયર કારોબારીઓ ફુલ ટાઈમ મેનેજમેન્ટ કોર્સમાં નોંધણી કરાવવા જઈ રહ્યા છે. આ વર્ષે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ-એ)માં એક વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે નોંધણી અને અરજીઓની સંખ્યામાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. વર્ષ ૨૦૦૬માં આ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. ગયા વર્ષે અરજીઓની સંખ્યા ૬૯૦ હતી જે ઘટીને હવે ૪૫૯ થઈ ગઈ છે જ્યારે આ પ્રોગ્રામ માટે કુલ રજિસ્ટ્રેશનના આંકડામાં પણ ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. આ પ્રોગ્રામ માટે કુલ રજિસ્ટ્રેશન અડધી સુધી ઘટીને આ વર્ષે ૧૧૫૧ સુધી થઈ ગયો છે જે ૨૦૧૪-૧૫માં પ્રોગ્રામ માટે કુલ રજિસ્ટ્રેશનનો આંકડો ૨૭૩૨નો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ અરજીદારોની અંદર આને લઈને ઘટતા જતાં રસ માટે સરેરાશ પ્લેસમેન્ટના પરિણામ રહ્યા છે. સાથે સાથે પ્રોગ્રામના માર્કેટિંગમાં પણ નિરાશાજનક ચિત્ર રહ્યું છે. પ્લેસમેન્ટ બોડી વિદ્યાર્થીને આગળ લઈ જનાર છે પરંતુ કુશળ લોકોની અછત આમા પણ રહેલી છે. આ વર્ષે સરેરાશ જીમેટ સ્કોર બેચ માટે ૭૦૬નો રહ્યો છે. ગયા વર્ષે આ સ્કોર ૭૦૫ હતો. સરેરાશ જીમેટ સ્કોર પીજીપીએક્સમાં પ્રવેશ માટે ઉંચો રહે છે. તમામ ઉમેદવારો આનાથી વાકેફ છે. આ સંસ્થાએ ગયા વર્ષે અરજી ફી ૩૫૦૦ રૂપિયા રાખી હતી. પીજીપીએક્સ ૨૦૧૫-૧૬ ૧૦મી બેચની શરૂઆત ૯મી એપ્રિલથી શરૂ થઈ હતી. ૨૦૧૫માં ૮૫ વિદ્યાર્થીઓની બેચ હતી. પ્રોગ્રામ ફી ગયા વર્ષે વધારવામાં આવી હતી જેને ૨૧.૫ લાખથી વધારી ૨૪ લાખ કરાઈ હતી.

# બાળકોની કાળજી માટે માતા નોકરી છોડી દે છે

અમદાવાદ, તા.૧૦

મધર્સ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે એસોચેમ સોશિયલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જાણવા મળ્યું છે કે, ૨૫ ટકા જેટલી પ્રથમ વખત માતા બનેલી મહિલાઓ તેમના બાળકો માટે નોકરી છોડી ચુકી છે. બાળકોના ઉછેરમાં કોઇ બાંધછોડ કરવા માંગતી નથી. ૨૫ ટકા જેટલી આ પ્રકારની માતાઓ બલિદાન આપીને પણ બાળકો માટે કટીબદ્ધ રહી છે. બાળકોના ઉછેર માટે તેમની હાજરી ખુબ જરૂરી છે તે બાબતને સમજી શકી છે. અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, ઇન્દોર, જયપુર, કોલકાતા, લખનૌ અને મુંબઈ સહિતના શહેરોને આવરી લઇને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. આમા જાણવા મળ્યું છે કે ૨૫થી ૩૦ વર્ષની વયગ્રુપમાં માતા બન્યા બાદ બાળકોની કાળજી માટે તેઓ નોકરી છોડી ચુકી છે. આ વર્ષે માર્ચ અને એપ્રિલ મહિનાના ગાળા દરમિયાન અભ્યાસ કરાયા બાદ આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. મોટાભાગની આ મહિલાઓનું એમ પણ કહેવું છે કે, બાળકો સ્કુલમાં જતાં થાય અને પોતાના કામ પોતાનીરીતે કરવા લાગે ત્યારબાદ જ પોતાના કેરિયર પર ધ્યાન આપશે. પક્ષપાતની દહેશતમાં પણ કેટલીક માતાઓ જોવા મળી રહી છે પરંતુ મોટાભાગની માતાઓ બાળકોના ઉછેર માટે પોતાના કેરિયર તરફ પણ જોતી નથી.

# તીવ્ર હીટવેવ વચ્ચે બરફ ગોળાના ભાવમાં વધારો

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહિત ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે હાલમાં ઠંડી ચીજવસ્તુઓની બોલબાલા જોવા મળી રહી છે. આમા પણ સાંજના સમયમાં બરફના ગોળાનો ક્રેઝ તમામ લોકોમાં જોવા મળી રહ્યો છે. ખાસ કરીને યુવા પેઢીમાં આની બોલબાલા સૌથી વધારે જોવા મળે છે પરંતુ પરિસ્થિતિનો લાભ લઈને આના ભાવમાં પણ વધારો થયો છે. જુદા જુદા ફ્લેવરના ભાવમાં હાલમાં વધારો થયો છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ભાવ વધુ છે આના માટે કેટલાક કારણોને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે.

શહેરીજનો ગરમીથી બચવા ઠંડા પીણા, ઠંડી છાશ, શેરડીનો રસ જેવા પીણા લેતા હોય છે પરંતુ આ વખતે હીટવેવમાં બરફના ગોળા હીટ સાબિત થઈ રહ્યા છે. અત્યારે બરફના ગોળા, આઈસ્ક્રીમના એક કપ કરતા ત્રણ ગણા ભાવે વેચાઈ રહ્યા છે. શહેરીજનો આરોગ્યની પરવા કર્યા વગર હોશેંહોશે બરફગોળા આરોગી રહ્યા છે. શહેરમાં હીટવેવની પરિસ્થિતિમાં બરફ ગોળા હીટ સાબિત થઈ રહ્યા છે. શહેરીજનો રોજ સાંજ પડે અને બરફ ગોળાની લારીઓ પર ગોઠવાઈ જાય છે. એપ્રિલ, મે અને જૂન ત્રણ જ માસ માટે બરફ ગોળાની સિઝન પુરબહારમાં ખીલે છે. ઉપરાંત આધુનિક બની રહ્યા છે જેમ કે બરફ ગોળામાં ડ્રાય ફુટ, રબડી, ક્રીમ કે અલગ-અલગ નેચરલ ફ્લેવર કે અન્ય ચીજવસ્તુઓ ઉમેરીને આપવામાં આવે છે. ત્યારે તેનો ભાવ ચાર ગણો વધી જાય છે. બરફના ગોળાના ભાવ રૂપિયા પાંચથી શરૂ થઈને ૧૦૦થી પણ ઉપર સુધી રહે છે જેમાં જુદા જુદા ફ્લેવરોને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. જુદા જુદા કલરોનો ક્રેઝ પણ વધારે જોવા મળે છે. બરફ ગોળા ખાવા માટે લાઈનમાં બેસવું પડે છે દર વર્ષે બરફ ગોળાના ભાવમાં અંદાજીત ૨૫ ટકાનો વધારો થતો રહે છે. બરફ ગોળા વેચતા એકમો સામે તંત્ર દ્વારા કોઈ ચકાસણી કરવામાં આવતી નથી.

# અંબાજી મંદિરે કુલ ૮ કિલોગ્રામ સોનું ખરીદ્યું

ગાંધીનગર, તા.૧૦

વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આઠ કિલોગ્રામ સોનાની ખરીદી કરવામાં આવી છે. પાલનપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ શ્રી આરાસુરી અંબાજી માતા દેવાસ્થાન ટ્રસ્ટ દ્વારા આ સોનાની ખરીદી કરવામાં આવી છે. મંદિરના ડોમના ગોલ્ડ પ્લેટિંગ માટે આ સોનાની ખરીદી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ટ્રસ્ટના વહીવટીકારોએ કહ્યું છે કે, ગોલ્ડ પ્લેટિંગના કામ માટે ૨.૨૯ કરોડની કિંમતમાં આ સોનાની ખરીદી કરવામાં આવી છે. ગોલ્ડ પ્લેટિંગનું કામ સપ્ટેમ્બર ૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યું હતું. સત્તાવાળાઓના જણાવ્યા મુજબ ૩૮ ફૂટ સુધી ગોલ્ડ પ્લેટિંગનું કામ પરિપૂર્ણ કરવામાં આવી ચુક્યું છે



અને ૨૫ ફુટનું કામ હજુ પણ બાકી છે. જે કામગીરી ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંબાજીમાં મંદિરમાં દર્શન કરવા માટે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે.

# 'બાળલગ્ન' એટલે લગ્ન કે જે માટે પક્ષકારોમાંથી કોઇ પણ બાળક હોય




બાળકો અંગેના કાયદાઓની અગાઉ આપણે ચર્ચા કરી છે. હાલમાં નાની ઉંમરના બાળકોને સાધુ-સન્યાસી બનાવવા બાબતે ચર્ચાઓ ચાલી રહી છે. સાથે-સાથે બાળવયમાં થતા લગ્ન સંદર્ભે પણ વ્યાપક ચર્ચા ચાલી રહી છે. અગાઉના અંકોમાં આપણે બાળકોના વેંચાણ તેમજ બાળકીઓના સંદર્ભમાં ગેરકાયદેસર વેંચાણ તેમજ બાળકીઓને ખોટા કામમાં જોડી દેવા અંગેનો પણ જે વેપાર ચાલે છે તે સંદર્ભમાં પણ સામાન્ય જાણકારી મેળવી હતી. હમણાં - હમણાં તો વર્તમાનપત્રોમાં બાળલગ્ન અટકાવવા સંદર્ભેના સમાચારો વાંચવા મળે છે તો ચાલો બાળલગ્ન પ્રતિબંધ સંદર્ભેમાં કાયદાકીય માહિતી મેળવીએ.

નાની વયમાં દિકરા કે દીકરીના લગ્ન થાય એટલે કે સગીરવયમાં થતા લગ્ન સંદર્ભેમાં બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ અસ્તીત્વમાં છે. આ કાયદાના સ્વરૂપની જો ચર્ચા કરીએ તો, આપણા પ્રજાસત્તાક ભારત દેશના ૫૭ માં વર્ષમાં લોકસભા દ્વારા જે કાયદો ઘડવામાં આવ્યો તેને બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ એમ નામ આપવામાં આવ્યું છે. આ કાયદો જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે. પરંતુ આ કાયદામાં સમાવિષ્ટ કાપ પણ પોંડીચેરીના કેન્દ્રીય પ્રદેશમાં લાગુ પડશે નહીં.

આ કાયદો જા.ના.નં. એફ. નં. ૧૦.૫/૨૦૦૭ સીએન તા. ૩૦-૧૦-૨૦૦૭ ગવર્મેન્ટ ઓફ ઈન્યિા ગેઝેટ એક્સ્ટ્રા પાર્ટ-૨ એફ. ૩ (૨) નં. ૧૩૩૦ તા. ૩૦-૧૦-૦૭ પાના નં. ૧ થી તા. ૧-૧૧-૨૦૦૭ થી અમલી બનેલ છે.

૧. 'બાળક' એટલે વ્યકિત જે પુરુષ હોય તો તેણે ૨૧ વર્ષની ઉંમરી પુરી કરી નહિ અને જો સ્ત્રી હોય તો ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હોય.

૨. 'બાળલગ્ન' એટલે લગ્ન કે જે માટે પક્ષકારોમાંથી કોઈપણ બાળક હોય.

૩. 'તકરાર કરનાર પક્ષકાર' લગ્ન બાબતમાં એટલે પક્ષકારોમાંથી કોઈ પણ બાળક જેના લગ્ન ત્યાં થવાના છે અથવા થયા છે.

૪. 'બાળલગ્ન પ્રતિબંધ અધિકારી' માં કલમ-૧૬ની પેટા કલમ-૧ હેઠળ નીમવામાં આવેલા બાળલગ્ન પ્રતિબંધ અધિકારીનો સમાવેશ થાય છે.

૫. 'જિલ્લા અદાલત' એટલે કોઈપણ વિસ્તારમાં કે જેમાં ૧૯૮૪ (૧૯૮૪ નો ૬૬ માં) નાફે મિલી કોર્ટએક્ટની કલમ-૩ હેઠળ સ્થાપવામાં આવેલી ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં હોય આવી ફેમીલી કોર્ટ અને અદાલત કોઈ વિસ્તારમાં કે જે જગ્યાએ ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં ન હોય પરંતુ સીટી સીવીલ કોર્ટ અસ્તિત્વમાં હોય તે કોર્ટ અને બીજા કોઈ વિસ્તારમાં મૂળ હુકુમતની મુખ્ય દિવાની કોર્ટ અને તેમાં બીજી કોઈ દિવાની અદાલતનો સમાવેશ થાય છે કે જેની રાજય સરકાર દ્વારા સતાવાર રીતે જાહેરનામા દ્વારા પ્રસીધ્ધ કરેલ હોય અને આ કાયદામાં જણાવેલ બાબતોમાં હુકુમત ધરાવતો હોય.

૬. સગીર એટલે એવી વ્યકિત કે જે ઈન્ડિયન મેજોરીટી એકટ એટલે કે ભારતીય પુખ્તાનો કાયદો અંતર્ગત જેને પુખ્તતા પ્રાપ્ત કરી ન હોય અત્રે એ બાબતની નોંધ લઈએ કે ભારતીય પુખ્તતાના કાયદા અંતર્ગત પુખ્તવય સંદર્ભેમાં દિકરીની ઉંમર ૧૮ વર્ષ અને દિકરાની ઉંમર ૨૧ વર્ષ એમ નક્કી થયેલ છે.

બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમની જોગવાઈ અનુસાર જે બાળક સગીર વયનું હોય એટલે કે ભારતીય પુખ્તતાના કાયદાની જોગવાઈ મુજબ પુખ્તવય પ્રાપ્ત કરી ન હોય. તેવી કોઈપણ વ્યકિત જો લગ્ન કરે તો આવુ બાળલગ્ન એ રદબાતલ થવા પાત્ર છે. આ કાયદાની કલમ-૩ સંદર્ભે જો અભ્યાસ કરીએ તો એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે જો લગ્ન સમયે લગ્નના પક્ષકાર પૈકી કોઈપણ એક સગીર હોય અને તે બાબતને લઈને રદબાતલ કરવા સંદર્ભે જો કેસ કરવામાં આવે તો આવો કેસ એ લગ્ન કરનાર પક્ષકાર દ્વારા થઈ શકશે.

આવા પ્રકારનો કેસ કોઈપણ સમયે દાખલ કરી શકાય પરંતુ બાળક આવો કેસ દાખલ કરે તો પહેલા પુખ્ત થયાના બે વર્ષે પુરા કર્યા હોવા જોઈએ.

આ કાયદાની અંતર્ગત બાળલગ્નના સ્ત્રી કરાર કરનાર પક્ષકારને રહેણાંક અને ભરણપોષણ માટેની કલમ-૪ માં જોગવાઈ કરવામાં આવી છે. જયારે આ કાયદાની કલમ-૫ અંતર્ગત બાળલગ્નના બાળકોના ભરણપોષણના અને કબ્જા સંદર્ભે જોગવાઈ કરવામાં આવેલ છે. એટલે કે જિલ્લા અદાલત લગ્નના પક્ષકાર દ્વારા અથવા તેના માતાપિતા કે વાલી દ્વારા બાળકના ભરણપોષણની જોગવાઈ માટે યોગ્ય હુકમ કરશે.

બાળલગ્ન અને તેની કાયદેસરતા એ એક બાબત છે પરંતુ બાળલગ્ન થયા હોય અને આવા લગ્નને પરિણામે જો બાળક જન્મ્યું હોય તે એ બાબતમાં કાયદેસર બાબત ગણાશે. આમ પણ જોઈએ તો બાળકોના સંદર્ભેમાં ક્રિમિનીલ પ્રોસીઝર કોડની કલમ-૧૨૫ અંતર્ગત પણ બાળકો બાબતમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવેલી છે અને આ રીતે લગ્ન ચેલેન્જ થયા હોય કે ન થયા હોય. કેટલીક વાર થયેલા લગ્ન કાયદેસરના નથી તેવી પણ ચેલેન્જ કરવામાં આવે છે. પરંતુ આવા લગ્નથી જન્મેલા બાળકોને ભરણપોષણ સંદર્ભેમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે છે.

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે ખાસ કરીને લીવ ઈન રીલેશનશીપ - જે ચુકાદો આપ્યો છે તેના મૂળમાં જઈએ તો આવા પ્રકારના લગ્નો સંદર્ભે જન્મેલા બાળકોની સામાજિક સુરક્ષાના સંદર્ભે ચુકાદામાં જોગવાઈ કરવામાં આવેલી છે. બાળકો સંદર્ભે જુવાનાઈલ જસ્ટીસ એકટ અસ્તીત્વમાં છે અને કાયદાના સંઘર્ષમાં આવતા બાળક અંગે વિશેષ જોગવાઈ છે અને અહીં આપણે જોયું કે બાળલગ્ન થવા એ ગેરકાયદેસર બાબત છે. પરંતુ જયાં સુધી બાળકનો સવાલ છે ત્યાં બાળકને સંપૂર્ણ રીતે સુરક્ષિત સંદર્ભે જોગવાઈ કરવામાં આવેલ છે.

બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત સજાની જોગવાઈ પણ જાણવી જરૂરી છે. આ કાયદાની કલમ-૯ અંતર્ગત જે કોઈ પુખ્ત ઉંમરનો પુરુષ કે જેની ઉંમર ૧૮ વર્ષની ઉપર હોય તેઓ બાળલગ્ન અંગે કરાર કરે તો બે વર્ષ સુધીની સખત કેદની સજા અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- સુધીનો દંડ આપવા શીક્ષા થઈ શકશે. આ બાબતે ખાસ નોંધ લઈએ કે કોઈ સ્ત્રીને કેદની સજા થશે નહી.

**બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત સજાની જોગવાઇ પણ જાણવી જરુરી છે, આ કાયદાની કલમ-૯ અંતર્ગત જે કોઇ પુખ્ત ઉંમરનો પુરુષ કે જેની ઉંમર ૧૮ વર્ષની ઉપર હોય તેઓ બાળલગ્ન અંગે કરાર કરે તો બે વર્ષ સુદીની સખત કેદની સજા અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- સુધીનો દંડ આપવા શિક્ષા થઇ શકશે, આ બાબતે ખાસ નોંધ લઇએ કે કોઇ સ્ત્રીને કેદની સજા થશે નહી**

